

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*પથ્થરા ખાઈ, થાકી હારીને, એ દાવ દે છે!*
*બે-ત્રણ આતંકીને મારી મૂછે તાવ દે છે,*
*ભાવ દે છે શહિદીનો ભોગ બનનારા ને -*
*આ અનિર્ણાયકો સૈન્ય-હૃદયને ઘાવ દે છે...*

### હાઈકુ

*બેઠા બક્ષામાં -*
*'બક્ષા નહી જાયેગા' -*
*બગણા વીર*

*ખાય છે માર,*
*પ્રજા અને સૈનિકો -*
*ગાંધીગીરીમાં*

### ચિંતન

**સત્યપ્રતિષ્ઠાયાં ક્રિયાફલાશ્રયત્વમ્ ।**

ઉપરોક્ત શ્લોક યોગસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સત્યની દૃઢ સ્થિતિ થઈ ગયા પછી ક્રિયા, ફળનો આશ્રય બને છે.

જે યોગીની સત્યમાં દૃઢ સ્થિતિ થઈ ગઈ હોય, તેની વાણીથી કદી અસત્ય બોલાતું નથી એટલે તેની વાણી કદાપિ નિષ્ફળ ન જાય તેવી બની જાય છે. તે જે કહે છે તેમ જ થાય છે. તેની વાણી દ્વારા જે ક્રિયા થાય છે, તેમાં ફળનો આશ્રય હોય છે એટલે કે કોઈ યજ્ઞ કરે તો યજ્ઞકાર્યમાં યજ્ઞનું ફળ સમાયેલું છે, પમ યોગીની વાણીમાં જે કર્મ કોઈએ કર્યું જ ન હોય તે કર્મનું ફળ હોય છે એટલે કે કર્મ કર્યા વિના પણ મનુષ્ય આવા સત્યપ્રતિષ્ઠ યોગીની વાણીથી મળતા આશીર્વાદ, વરદાન કે શાપ દ્વારા ફળ મેળવે છે.

પ્રાચીન ઋષિમુનિઓ તપનું તેજ અને સત્યનો આશ્રમ લઈ જીવન સાથે વણી લે છે પછી એમની 'વાણી' જ ફળદાયી બની જાય છે. એમના મનની ઈચ્છા 'આશીર્વાદ' અને શુભેચ્છા થઈ સફળ બને છે. આથી જ યોગી - તપસ્વીઓની સેવા અને દર્શન માત્ર જ કલ્યાણકારી હોય છે.

### સુવિચાર

- ધન દુર્ગુણો પર પડદો પાડે છે, પરંતુ સદ્‌ગુણ ગરીબીમાં પણ આશ્રય પામે છે - **અનામી**
- પાપ વ્યક્તિને એટલી સાહસિક બનાવતી નથી જેટલી દયા બનાવે છે - **શેક્સપિયર**
- પ્રસન્નતા જ સ્વાસ્થ્ય, આથી વિપરીત મલિનતા જ વ્યાધિ છે - **થોમસ કાર્લાઈલ**
- બુદ્ધિમાનના ગ્રંથનું પહેલું પ્રકરણ ઉદારતા અને પરોપકાર છે - **જનકલ્યાણ**
- જેમ પુષ્પ માટે સુગંધ છે એ જ પ્રમાણે મગજ માટે મૃદુતા છે - **માધવરાવ સપ્રે**
- આપણું મનુષ્યત્વ એક દરિદ્ર વસ્તુ છે જે આપણી અંદર ઉભરાય છે તે દેવત્વ ન હોય તો - **સંત રોબિન**
- આજનું ઔષધ : દાઝેલા અંગ પર ૨૦ મિનિટ ઘઉંના લોટની પોટીસ બાંધવાથી બળતરામાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

જે લોકો સત્તા-પદ-મહંત કે આશ્રમના અધિપતિ પદે કે ટ્રસ્ટી તરીકે કામ કરતો હોય એમણે તલવારની ધાર પર ચાલવા જેવું વ્રત લઈ તટસ્થ અને નિષ્ઠાપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. રાજયની તિજોરી કે ધર્માદા ધનથી નિર્લેપ રહેવું જોઈએ. એક વાછરડો ભૂલથી એક ખેડૂતના ખેતરમાં પેસી ગયો - ખેડૂતે ગુસ્સામાં તેને માથાં લાકડી મારી - વાછરડો મૃત્યુ પામ્યો. બ્રહ્માના દરબારમાં એનો જીવ પહોંચ્યો એન વિનંતી કરી. એ ખેડૂતે મને નિર્દોષ હતો છતાં માર્યો એને મઠનો મહંત બનાવી નાખો!

બ્રહ્માજીને નવાઈ લાગી - પૂછ્યું - તમે મારી નાખ્યો છતાં એને મઠનો મહંત બનાવવાની વિનંતી કેમ કરે છે?વાછરડો કહે - પૂર્વજન્મમાં હું પણ મઠનો મહંત હતો. ખૂબ સાચવીને - ધર્માદા ધનથી ડરી ડરી, ટ્રસ્ટી તરીકે રહેતો હતો, પરંતુ એક દિવસ ધર્માદાનું 'ઘી' શિરામાં વાપર્યું ત્યારથી મારું પતન શરૂ થયું... અને જીવનમાં પાયમાલી શરુ થઈ - હું જાગૃત હતો છતાં મારા આ હાલ થયા. આ ખેડૂત તો ક્રોધી છે બીજાનું ખેતર પચાવીને બેઠો છે, એ જો મહંત થશે તો આંખ મીંચીને ધર્માદા ધન વાપરશે અને જન્મોજન્મ સુધી પાપનાં ફળ ભોગવશે... બ્રહ્માજી તેની દીર્ઘદૃષ્ટિ જોઈ ખુશ થયા.

# પાટનગરનો પર્યાવરણીય વિનિપાત

**તંત્રીસ્થાનેથી...**

ક્યારેક સમસ્ત એશિયા ખંડમાં ગ્રીન સિટીનું બિરુદ મેળવી ચૂકેલું આપણું પાટનગર છેલ્લા ઘણા સમયથી રાજયના સૌથી ગરમ શહેર તરીકેનો વિક્રમ પાર કરી રહ્યું છે. વૃક્ષો અને ફૂલોની નગરીમાં કાળઝાળ તડકો લાગે છે અને પારો ૪૩ ડિગ્રીથી નીચે ઊતરવાનું નામ નથી લેતો. આશ્ચર્યની વાત એ છે કે ખરેખર જે રણ - ડુંગર વિસ્તારનાં નગરો જેવાં કે ડીસા અને ઈડર ખાતે અગાઉ ગાંધીનગરની સરખામણીમાં ચાર-પાંચ ડિગ્રી વધારે તાપમાન નોંધાતું હતું તેમના કરતાં ગાંધીનગર આજકાલ વધારે ગરમ શહેર બની ચૂક્યું છે. અમદાવાદમાં ભરચક ટ્રાફિક અને સિમેન્ટ કોંક્રીટનાં અડાબીડ બાંધકામને લીધે ગાંધીનગરની સરખામણીએ બે-ત્રણ ડિગ્રી ઊંચું તાપમાન રહ્યા કરતું પરંતુ છેલ્લા મહિના દરમિયાન ગાંધીનગરનું તાપમાન અમદાવાદની લગોલગ અથવા એથી એકાદ ડિગ્રી વધુ રહેવા લાગ્યું છે. આ મુદ્દે સરકાર ભલે નીંભર બેકાલજી સેવતી હોય પણ એ લાંબે ગાળે હરિયાણા પાટનગરનો પર્યાવરણીય વિનિપાત નોતરશે એવી આગાહી જરૂર કરી શકાય. આખા ગુજરાતમાં સરકારનું જંગલખાતું જંગલોના રક્ષણને નામે ભક્ષણની પ્રવૃત્તિમાં જોતરાયેલું રહેતું ત્યારે પણ એક ઘર તો ડાકણ પણ ટાળે - એ ન્યાયે ગાંધીનગર પર જંગલખાતાની રહેમનજર રહેતી આવી છે. એનું સીધું કારણ એ જ કે અહીં રાજયપાલ અને મુખ્યમંત્રી કે મુખ્યસચિવથી લઈ સમગ્ર વહીવટીતંત્રનું ક્રીમ વસે છે. સંપાદિત કરેલા ગ્રામવિસ્તારની ખેતીલાયક જમીનમાં કૃત્રિમ જંગલ ઉછેરી ગાંધીનગરને દેશ અને દુનિયામાં પર્યાવરણના મુદ્દે શ્રેષ્ઠ વસાહત બનાવવાના હેતુથી અહીં ઉત્સાહભેર વનસંવર્ધન પ્રવૃત્તિ ચાલી. બહારના મુલાકાતીઓને ગાંધીનગરના કોઈ પણ ખૂણેથી પ્રવેશતાંની સાથે આચેરી ઠંડકનો અનુભવ થતો તે હવે ભૂતકાળની બાબત બની ચૂકી છે. લોકો મૂંઝાઈ રહ્યા છે : ગાંધીનગરમાં આટલું ઊંચું તાપમાન કેમ ? પરંતુ જાણનારા જાણે છે કે અહીં પાંચ વર્ષ પૂર્વે વૃક્ષોની જે સંખ્યા હતી તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જંગલો કપાતાં જાય છે અને અવનવી ઈમારતો બંધાતી રહે છે. વળી ઘેર ઘેર તથા ઑફિસ દીઠ ઍર કંડિશન્ડ મશીનો લાગી જતાં એ ગરમ હવા ફેંકતા રહે છે. રસ્તા વધુ ને વધુ પહોળા થતા જાય છે. એટલા પ્રમાણમાં વૃક્ષોની બેરહેમ કતલ તો થાય જ છે, વળી ડામર પર કાળઝાળ સૂરજની ઉગ્ર દૃષ્ટિ પડતાં ધરતી અગનજવાળાઓ ઓકતી રહે છે. ઓછામાં પૂરું ઠેર ઠેર નર્સરીઓ બનાવવા માટે પણ વૃક્ષોનો ભોગ લેવાતો રહ્યો છે અને નર્સરીઓમાં વૃક્ષોની જગ્યાએ રૂપકડા ફૂલછોડ ઉછેરાય છે. આથી ગાંધીનગર દિવસે દિવસે આંધીનગરમાં ફેરવાઈ રહ્યું છે. કાલે એ કોઈ રાજસ્થાની શહેરની હરોળમાં બેસી જાય તો નવાઈ નહીં લાગવી જોઈએ. હજી સમય છે. ખતરાની ઘંટડી વાગી ચૂકી છે. જો સરકારી તંત્ર અને મહાનગરપાલિકા આ મુદ્દે ગંભીર વિચારતા હાથ ધરી પરિસ્થિતિ વધુ વણસતી બચાવવા પ્રામાણિક પગલાં લેશે તો ગાંધીનગરને એની ખોવાઈ ગયેલી ઓળખ પુનઃ પ્રાપ્ત થઈ શકે એમ છે. એ માટે વસાહત મંડળ સહિતનાં પ્રતિષ્ઠાનો અને વિચારશીલ પ્રબુદ્ધ નાગરિકોએ પણ ઝુંબેશ ચલાવવી પડશે. વૃક્ષો કપાતાં ઊભી થયેલી વિકરાળ પરિસ્થિતિને નાથવાં એટલાં જ બલકે એથી વધુ વૃક્ષો ઉગાડવાં પડશે. વન્ય સૃષ્ટિના જીવો માટે પણ સહાનુભૂતિપૂર્વક વિચારવું પડશે. જેમ સૂકી ભંઠ સાબરમતીમાં નર્મદાનાં નીર વાળીને અમદાવાદને ઠંડક પહંચાડાઈ છે તે જ લાઈન પર ગાંધીનગરના પાદરમાં સૂતેલી સાબરમતીને જગાડવાની અને પુનર્જીવિત કરવાની જરૂર છે. આવાં બહુઆયામી પગલાં જ ગાંધીનગરને એની હરિયાળા પાટનગરની ઓળખ બચાવવામાં મદદરુપ થઈ શકશે. ઉમાશંકરના 'બળતા પાણી' નામના સૉનેટમાં ડુંગરિયે લાગેલો દવ ઓલવવા નદી પૂરપાટ દોડી રહી છે, પરંતુ સમુદ્રને મળીને વાદળી બની વરસે ત્યાં સુધી તો બધું બળીને ખાક થઈ ગયું હશે; એનો જ વસવસો આપણાં ગાંધીનગરવાસીઓના હૈયેપણ વસવો જોઈએ : 'અરે, એ તે ક્યારે ? ભસમ સહુ થૈ જાય પછીથી ?'

# ઝેરી કમળો



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

સ્મિતાબેનની જેમ જ ગીતાબેનને પણ ચક્કર આવ્યા, પડી ગયા, રમેશભાઈ મુઝાયા. તેમના મગજમાં અલગ - અલગ વિચારો આવવા લાગ્યા. ગીતાબેન પડી કેમ ગયા? રમેશભાઈ બધી શક્યતાઓ વિચારવા લાગ્યા. છેલ્લે એવું વિચારી લીધું કે જેને આપણે સારા સમાચાર કહીએ છીએ, એવી વાત તો નથી ને ? પણ એ હોય તો આ ઉંમરે સારું કહેવાય ? માણસનું મગજ ઘણી બધી ચિંતાઓ કરતું હોય છે એમાં કોઈ ખોટી હોય છે, કોઈક સાચી હોય છે. ઘણી પ્રતિષ્ઠાને લગતી હોય છે. રમેશભાઈની ઉંમર ૬૫ વર્ષની છે. ગીતાબેનની ઉંમર ૫૦ વર્ષની છે. આ ઉંમરે કંઈક થઈ જાય તો સમાજને મોં શું બતાવવું. માટે બહુ જ ચિંતામાં હતા રમેશભાઈ અને સમાજમાં લોકો સમાજથી બહુ જ ગભરાતા હોય છે. હકીકત ગમે તે હોય પણ કોઈને ખબર ન પડવી જોઈએ અને સમાજની નજરોમાં પોતાના માટે, કુટુંબ માટે ખોટું કરીને પણ સાચું બતાવવા માટે પ્રયત્ન કરતા હોઈએ છીએ. રમેશભાઈ ૬૫ વર્ષના છે અને એટલે સમાન્ય રીતે ૬૫ વર્ષે બાપ બનવું હાંસી પાત્ર છે. કારણ કે રમેશભાઈના દીકરાને પણ એક દીકરો અને દીકરી છે. આવી પરિસ્થિતિમાં ગીતાબેન અને રમેશભાઈને ૧૦૦ ટકા તકલીફ પડે. અલ્યા ભાઈ, ગીતાબેનની તબિયત ખરાબ છે અને ચક્કર આવીને પડી જવાના ઘણાં કારણો હોય, આવું ખરાબ વિચારી સારી વસ્તુ તમારા ધ્યાનમાંથી વિસરાઈ જાય. રમેશભાઈએ પોતાની જાતને ચૂંટલો ભર્યો. મોં ધોઈ બાથરૂમમાં જઈ અને શાંતિથી વિચાર્યું અને કહ્યું કે ગીતાબેનને દવાખાને તો લઈ જવા દો. દવાખાને પહોંચતા ડૉક્ટરે ગીતાબેનની આંખમાં પીળાશ જોઈ કહ્યું રમેશભાઈ આ તો કમળો છે યાર. રમેશભાઈ એટલા ખૂશ થઈ ગયા કે બીજું કાંઈ નથી ને ? કમળાને તો પહોંચી વળાશે. સાહેબ, માણસ કેટલો શેતાન હોય છે, અને કેટલો સમાજથી ગભરાતો હોય છે એનો આ નમૂનો છે. કમળો છે ગીતાબેનને એ ચાલશે પણ એને બીજું કાંઈ નથી એનો રમેશભાઈને આનંદ છે લો બોલો. આવું બધાની સાથે છે આવું મારી સાથે પણ બની શકે, તમારી સાથે પણ બની શકે. ટૂંકમાં આખો સમાજ ઢોંગી છે. કોઈને કોઈની પડી નથી. મારું સમાજમાં નામ હોય, મારા નામથી લોકો ડરતા હોય અને હું એટલે હું... બીજો કોઈ નહીં... એવા અહંમથી આખી દુનિયા રંગાયેલી છે. કોણ કોને કહેશે કે તું ખોટો છે. બધા સાચા છે પણ ખરેખર તો બધા જ ખોટા છે. ખરેખર હવે આત્મમંથન કરવાની જરૂર છે. એ દિવસો દૂર નથી કે સમાજમાં આવતી નવી પેઢી તમને માફ કરે. ચલો, લાઈન ઉપર આવીએ. ગીતાબેનનું શું થયું ? ડૉક્ટરે લેબોરેટરીમાં લોહીના ટેસ્ટ કરાવ્યા. જેમાં બીલીરુબીન, એસ.જી.પી.ટી., એચ.બી.એસ.એ.જી. (હિપેટાઈટીસ-બી વાયરસ)ના લોહીના નમૂના લેબોરેટરીમાં મોકલ્યા. બીલીરુબીન ૪ મીલીગ્રામ આવ્યું. એસ.જી.પી.ટી. ૭ હજાર આવ્યું અને હિપેટાઈટીસ-બી વાયરસ રી-એક્ટીવ આવ્યું એટલે કે પોઝીટીવ આવ્યું.

ગયા અંકમાં જોયું હતું કે હિપેટાઈટીસ-એ, હિપેટાઈટીસ-ઈ આ બંને વાયરસને આપણે સાદો કમળો કહી શકીએ. જેમાં જોખમ છે પણ મટવાની શક્યતાઓ બહુ જ વધારે છે. જ્યારે હિપેટાઈટીસ-બી અને હિપેટાઈટીસ-સી જો દર્દીને હોય તો શરીરમાં અવરોધો એટલે કે તકલીફ વધારે થઈ શકે છે. જેમાં બ્રેઈન એટલે મગજ અને કીડની અને થોડી અસર હૃદય અને લીવર ઉપર હિપેટાઈટીસ-બી અને હિપેટાઈટીસ-સી વાયરસની અસર વધારે થાય છે અને દર્દી ઘણી વખત કોમામાં જઈ મરી પણ શકે છે. જેમાં લોહીમાં એમોનીયા કેટલું છે એની ઉપર કોમામાં જે દર્દી છે તેના પ્રોગ્રેસનો આધારે રહેલો છે. ડૉક્ટરે ગીતાબેનને અને રમેશભાઈને આશ્વાસન આપ્યું કે આ કમળો ઝેરી કમળો છે પણ ગભરાવાની જરૂર નથી આપણે બધા જ પ્રકારની સાવચેતી લઈશું. ગીતાબેનને દાખલ કરી દો અને અઠવાડિયા પછી ગીતાબેન સારા

અનુસંધાન પાના નં. ૭ પર

# સમાન વરસાદવાળા સ્થળોને જોરનારી રેખા કયા નામે ઓળખાય છે ?



## ખજાનો

અનિલ પટેલ

### વિશ્વની ભૂગોળ

(૧) ૦ અક્ષાંસ ગ્રીનીચ રેખા વિશ્વના કયા જાણીતા શહેરની બાજુમાંથી પસાર થાય છે ?
(અ) લંડન (બ) ગ્લાસ્ગો
(ક) એડીનબર્ગ (ડ) બર્મિંગહામ

(૨) કુદરતી આપત્તિ સુનામી કઈ ભાષાનો શબ્દ છે?
(અ) ચીન (બ) કોરિયન
(ક) જાપાની (ડ) સ્પેનિશ

(૩) ફ્યુઝીહામા જવાળામુખી પર્વત કયા દેશમાં આવેલ છે ?
(અ) ઉત્તર કોરિયા (બ) બ્રહ્મદેશ
(ક) ચીન (ડ) જાપાન

(૪) વિશ્વની સૌથી લાંબી પર્વતમાળા કઈ છે?
(અ) હિમાલયન (બ) એન્ડીઝ
(ક) ઈટાલીયન આલ્પ્સ (ડ) ચીલી પર્વતમાળા

(૫) દક્ષિણ ગોળાર્ધમાં ૪૦° અક્ષાંસની આસપાસ વહેતી તેજ હવાને શું કહે છે ?
(અ) ઉષ્ણપટ્ટ (બ) દઝાડતા ચાલીસા
(ક) અગનપેટી (ડ) ત્રણેમાંથી એક પણ નહીં

(૬) સમાન વરસાદવાળા સ્થળોને જોરનારી રેખા કયા નામે ઓળખાય છે ?
(અ) આઈસોહાઈટ (બ) રેઈન લાઈન
(ક) હાઈડ્રોહાઈટ (ડ) રેઈન હાઈટ

(૭) વિશ્વનો સૌથી શુષ્ક પ્રદેશ કયો છે?
(અ) મોસિનરન (બ) થાર
(ક) અટાકામા (ડ) કચ્છનું રણ

(૮) કયો ખંડ વિષમતાઓના ખંડ તરીકે ઓળખાય છે ?
(અ) અમેરિકા ખંડ (બ) એશિયા ખંડ
(ક) આફ્રિકા ખંડ (ડ) ઓસ્ટ્રેલિયા ખંડ

(૯) વિશ્વનો સૌથી મોટો ટાપુ સમૂહ કયો છે?
(અ) ગ્રીનલેન્ડ (બ) આર્યલેન્ડ
(ક) ફીનલેન્ડ (ડ) ઈન્ડોનેશિયા

(૧૦) ગોબીનું રણ કયાં દેશમાં આવેલ છે?
(અ) દ. આફ્રિકા (બ) સ્પેન
(ક) મંગોલિયા (ડ) ઈરાન

(૧૧) વિશ્વની સૌથી મોટી ખાડી કઈ છે ?
(અ) ઈંગ્લીશ ખાડી (બ) હડસન ખાડી
(ક) બંગાળની ખાડી (ડ) કાળા સમુદ્રની ખાડી

(૧૨) કેનેડામાં આવેલા ઘાસનાં મેદાનો કયા નામે ઓળખાય છે?
(અ) પ્રેયરી (બ) બન્ની
(ક) ટુન્ડ (ડ) ગ્રોવર

(૧૩) વિશ્વમાં સૌથી વધુ સઘન ખેતી કયા દેશમાં પ્રચલિત છે ?
(અ) ચીન (બ) ઈઝરાયેલ
(ક) જાપાન (ડ) કોરિયા

(૧૪) વિશ્વનું સૌથી પ્રાચીન રાજધાનીનું હયાત શહેર કયું છે?
(અ) દમાસ્કસ (બ) રોમ
(ક) વેટિકન સિટી (ડ) પિઝા

(૧૫) કયા દેશમાં યુફ્રેટિસ ને ટાઈગ્રીસ નદીઓ વહે છે?
(અ) ઈરાન (બ) ઈરાક
(ક) મોંગોલિયા (ડ) ઈથોપિયા

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૧૯ મે ૧૮૬૯ : હેન્રી હીરાટીયો ડીક્ષોન :** આઈરીસ બોટાનીસ્ટ, પ્લાન્ટ ટ્રાન્સ્પીરેશન અંગેની શોધ કરનાર
- **૧૯ મે ૧૮૬૮ : જહોન ફિલમોર હાયફોર્ડ :** અમેરીકન એન્જીનીયર, 'મોર્ડન સાયન્સ ઓફ જીઓડેસી' ના સ્થાપક
- **૨૦ મે ૧૮૯૫ : આર.જે. મિચેલ :** બ્રિટીશ એરક્રાફ્ડ ડિઝાઈનર ૮-ગન - સ્પીટફાયર બનાવનાર
- **૨૦ મે ૧૮૬૦ : એડ્યુડે બૂચનર :** જર્મન બાયોકેમીસ્ટ, ૧૯૦૭માં કાર્બોહાઈડ્રેટ્સ ફોર્મેલેશન પર સંશોધન માટે નોબેલ પ્રાઈઝ મળ્યું.
- **૨૧ મે ૧૯૦૨ : હર્બટ કોપલેન્ડ :** અમેરીકન બાયોલોજીસ્ટ, માઈક્રોઓર્ગેનીઝમ પર કામ કર્યુ.
- **૨૧ મે ૧૮૭૮ : ગ્લીન કૂર્ટીસ :** અમેરીકન એરક્રાફ્ટ બનાવનાર, યુ.એસ. એવીએશનના સ્થાપક
- **૨૨ મે ૧૮૫૯ : સર ઓર્થર કોનાન ડોયલી :** સ્કોટીસ લેખક તથા તબીબ
- **૨૨ મે ૧૮૪૬ : ઓલીવરી પેરી હેય :** અમેરીકન પેલેન્ટોલોજીસ્ટ, અશ્મીઓનું પદ્ધતિસરનું કેટલોગ તૈયાર કરનાર
- **૨૩ મે ૧૯૧૨ : વિલિયમ આર. બેસ્કોમ :** અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ, એન્થ્રોપોલોજી ડીપા. ના ચેરમેન તરીકે સેવા આપી.
- **૨૩ મે ૧૯૦૮ : જહોન બાર્ડીન :** અમેરીકન ભૌતિકશાસ્ત્રી, ટ્રાસ્ઝીસ્ટરની શોધ માટે ૧૯૫૬ અને ૧૯૭૨માં નોબેલ પ્રાઈઝ મળ્યું.
- **૨૪ મે ૧૮૮૪ : ક્લાર્ક એલ. હલ્લ :** અમેરીકન સાયકોલોજીસ્ટ, 'ઈન્ફ્લ્યુએશન થિયરી ઓફ બીહેવીયર' પર સંશોધન કરનાર
- **૨૪ મે ૧૮૭૮ : લીલિયન ઈવીલીન ગિલબર્થ :** અમેરીકન મહિલા એન્જીનીયર, 'ટાઈમ એન્ડ મોસન' મેથર્ડ પર સંશોધન કરનાર
- **૨૫ મે ૧૮૬૫ : પિટર ઝિમાન :** ડચ ભૌતિકશાસ્ત્રી, 'મેગ્નેટો ઓપ્ટીક' પર સંશોધન કરનાર, 'ઝીમાન ઈફેક્ટ'ના શોધક. ૧૯૦૨માં નોબેલ પ્રાઈઝ મળ્યું.
- **૨૫ મે ૧૮૬૦ : જેમ્સ મેકીન કેટ્ટલે :** અમેરીકન મનોવૈજ્ઞાનિક અને ગણિતશાસ્ત્રી. 'સ્ટેટેટીકલ એનાલીસ' કોર્સ શરુ કરનાર.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : કુમાર વિશ્વાસના મુદ્દે આમ આદમી પાર્ટીમાં કયા નેતાનો રાજકીય ભોગ લેવાયો ? જવાબ : અમન્તુલાહ ખાન**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જ. સાયન્સ કૉલેજ (૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૫) હાર્દિક આર. પરમાર : સે-૨૪ (૬) ધાર્મિક એસ. પટેલ : ગાયત્રી રેસીડન્સી, ધોળેશ્વર પાસે

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**માયાવતીએ બહુજન સમાજ પાર્ટીમાંથી કયા મુસ્લિમ નેતાને સસ્પેન્ડ કર્યા ?**


**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) ક (૩) ડ (૪) બ (૫) બ (૬) અ (૭) ક (૮) બ (૯) ડ
(૧૦) ક (૧૧) બ (૧૨) અ (૧૩) ક (૧૪) અ (૧૫) અ

# શ્રદ્ધા, સંપત્તિ અને વિધિનો સરવાળો





## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

'આ આશ્રમનું હરણ છે. એના ઉપર બાણ ન ચલાવો.' બે બાળકોએ હસ્તીનાપુરના રાજા દુષ્યંતને અટકાવ્યા. દુષ્યન્તે તરત બાણ ભાથામાં મૂકી દીધું. આશ્રમના કુલપતિ ઋષિ કણ્વની સૌજન્ય મુલાકાત લેવાનું એને મન થયું. રથમાં મુકુટ, શસ્ત્રો અને પગરખાં મૂકી દીધાં. અને પગપાળા અંદર પ્રવેશ્યો. રાજાએ પણ વિદ્યાના આશ્રમમાં વિનીત વેશમાં જ દાખલ થવાય.

આશ્રમમાં કુલપતિ તો ન હતા. તેની પાલક પુત્રી શકુંતલા હતી. દુષ્યંતને ખબર પડી કે શકુંતલા ખરેખર ક્ષત્રિય કન્યા છે. વિશ્વામિત્ર અને અપ્સરા મેનકાની પુત્રી છે. વિશ્વામિત્ર પૂર્વાશ્રમના રાજા વિશ્વરથ હતા. શકુંતલા અને દુષ્યંતનો પરસ્પર પ્રેમ અનુભવ્યો. દુષ્યન્તે એની સાથે ગાંધર્વ વિવાદ કર્યા. શકુંતલાને માનભેર રાજયમાં બોલાવવાનું વચન આપ્યું. પોતાનું નામ લખેલી વીંટી એને પહેરાવી દીધી અને વિદાય લીધી.

હસ્તીનાપુર પાછા ફર્યા પછી દુષ્યંત શકુંતલાને કે પોતાની આશ્રમયાત્રાને તદ્દન ભૂલી ગયો. આમાં એનો પોતાનો કોઈ દોષ ન હતો. મુનિ દુર્વાસાનો શાપ શકુંતલાને લાગી ગયો. 'તું જેના વિચારોમાં ખોવાઈ જઈને, મારું સ્વાગત કર્યું નહિ, એ તને ભૂલી જશે.' પરંતુ શાપનું નિવારણ પણ બતાવેલું કે 'કોઈ એંધાણી જોશે, તો યાદ આવી જશે.'

આઠેક મહિના જેવો સમય થઈ ગયો. એકવાર રાજસભામાં શકુંતલા પોતાના આશ્રમ પરિવાર સાથે આવી ગઈ - એની બે સખીઓ, બે શિષ્યો અને તાપસી. એ સગર્ભા હતી. યોગ્ય સમય થયો એટલે કુલપતિ એ જ આશ્રમમાંથી વિદાય આપી દીધી હતી.

હવે દુષ્યન્ત માટે ધર્મસંકટ થયું. 'હું આને પહેલી જ વાર જોઉં છું. પત્ની તરીકે સ્વીકાર કઈ રીતે કરી લેવો ?' તેમ છતાં એણે પોતાની કોઈ એંધાણી - અભિજ્ઞાન - બતાડવા કહ્યું. શકુંતલાએ પોતાની આંગણીમાં જોયું - ત્યાં વીંટી ન હતી! માર્ગમાં નદીના નહાવા ઊતરી ત્યારે વીંટી પડી ગઈ હતી. રાજાએ એને પુત્રજન્મ થાય ત્યાં સુધી યજ્ઞશાળામાં રહેવા જણાવ્યું. પરંતુ રાજાને ખબર પડી કે કોઈ અદશ્ય તે જ એને ઉપાડી ગયું છે; માતા મેનકા એને લેઈને ઋષિ મારીચના આશ્રમે મૂકી આવી.

દુષ્યન્ત હવે ઉદાસ રહેતો. એવામાં એકવાર સભામાં બે સિપાઈઓ માછીમારને પકડીને લાવ્યા. ફરિયાદ કરીને કે 'આણે તમારી વીંટી ચોરી છે.' માછીમારે ખુલાસો કર્યો.' આ વીંટી મને માછલીના પેટમાંથી મળી છે. રાખી લો. 'રાજાએ એને પુરસ્કાર આપીને, જવા દીધો.'

વીંટીને જોઈ કે તરત જ સમગ્ર આશ્રમ વૃત્તાંત એણે જાણે કે પ્રત્યક્ષ થઈ ગયો ! પોતાને માટે તિરસ્કાર થયો અને અનહદ વેદના થઈ. 'પોતાની પત્ની હતી, બોલાવી તો નહિ, સામે ચાલીને આવી, તો ન સ્વીકારી અને ક્યાંક અદશ્ય થઈ ગઈ.'

કોઈ અસુર સંગ્રામમાં ઈન્દ્રને દુષ્યન્તની જરૂર પડી.

ઈન્દ્રને વિજય અપાવીને પાછો ફરતો હતો, ત્યાં ઋષિ મારીચનો આશ્રમ આવ્યો. રાજાએ એમાં પ્રવેશ કર્યો. એણે જોયું કે એક બાળક સિંહને કહે છે, 'ઉઘાડ મોઢું. મારે તારા દાંત ગણવા છે.' તાપસીએ કહ્યું, 'આને મૂકી દે. હું તને શકુંત (મયૂર) લાવી આપું.' 'બાળકે કહ્યું, 'કયાં છે મારી મા?' હવે શકુંતલા આવી. શકુંતલા દુષ્યંત અને બાળક ભરત - ત્રણ સુખદ આશ્ચર્યનો સરવાળો થયો. જાણે કે શ્રદ્ધા, સંપત્તિ અને વિધિનો સુભગ સમન્વય!'